9 નવેમ્બર, 2010 ક્લાયન્ટનું ખાતું ખોલાવવા વિશે

| | |
|---|---|
| આવશ્યકતાઓનો સાર | પાલનસંબંધી શ્રેણીમાં ક્લાયન્ટનું ખાતું ખોલાવવા સંબંધેના વોલ્યુમ 3ના અનુસંધાને જણાવવાનું કે સભ્યોએ નીચે જણાવેલી બાબતોનું પણ ધ્યાન રાખવું આવશ્યક છેઃ<br><br>ક્લાયન્ટે જેના પર સહી કરવાની હોય તે કેવાયસી દસ્તાવેજોમાં નીચે જણાવ્યા પ્રમાણેની અસમાનતાપૂર્ણ, મુશ્કેલ કે અવ્યવહારુ શરતો હોવી જોઈએ નહીઃ<br><br>1. કોન્ટ્રેક્ટ નોટ મોકલવામાંથી સભ્યને મુક્તિ આપતી શરત<br>2. માર્ક ટુ માર્કેટમાં થતા લાભ સભ્યની પોતાની પાસે રાખવાની શરત અને<br>3. ક્લાયન્ટે સ્પષ્ટ અને ચોક્કસ સૂચના આપ્યા વગર સભ્ય તેમના વતી સોદા કરી શકે એવી છૂટ આપતી શરત<br><br>ઓળખના પુરાવા તરીકે પૅન મરજિયાત છે, પરંતુ કેવાયસી નિયમોના ભાગરૂપે ક્લાયન્ટનો પૅન મેળવવાનું ફરજિયાત છે.<br><br>કેવાયસીની ઔપચારિકતાઓ પૂરી કર્યા વગર સભ્યોને ક્લાયન્ટ્સના સોદા કરવાની પરવાનગી નથી. |
| સંદર્ભ | 1. પરિપત્ર ક્ર. એમસીએક્સ/કોમ્પ/313/2010. તા. 3 સપ્ટેમ્બર, 2010<br>2. પરિપત્ર ક્ર. એમસીએક્સ/કોમ્પ/399/2009. તા. 2 સપ્ટેમ્બર, 2009 |

પેટા નિયમો, નિયમો, વેપારના નિયમો અને પરિપત્રો અમારી વેબસાઈટ http://gujarati.mcxindia.com પર 'ડાઉનલોડ' લિંક હેઠળ ઉપલબ્ધ છે.

સભ્યોને અમે સભ્યપદ લિંક હેઠળના વારંવાર પુછાતા પ્રશ્નો (એફએક્યુ)ને પણ વાંચી જવાની વિનંતી કરીએ છીએ.